અનુસૂચિત જાતિ માટેની યોજનાઓમાં આવક મર્યાદામાં સુધારો કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: અજક-૧૦૨૦૧૨- ૨૧૧૫૬૩૪-ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૩૦-૪-૨૦૧૨.

વંચાણેલીધા:

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૦-૧૧-૨૦૦૦ ના ઠરાવ
ક્ર: ૫૨૨-૧૦૯૯-ન.બા.૩૩-ગ

(૨) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા.૩૧-૩-૧૯૯૮ નો ઠરાવ
ક્ર: એસસીડબલ્યુ-૧૦૯૭-ન.બા.૩૦- ગ

(૩) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા.૨-૯-૧૯૯૮ નો ઠરાવ
ક્ર: ગઅછ-૧૫૯૮-૧૭૫૩-ગ

(૪) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગની તા.૪-૪-૨૦૧૧ નો ઠરાવ
ક્ર: અજાક- ૧૦૨૦૧૧-૧૧૯- ગ

ઠ રા વ:-

અનુસૂચિત જાતિ માટેની રાજય સરકાર ધ્વારા અમલમાં જુદી જુદી યોજનાઓમાં વંચાણે લીધેલ ઠરાવોથી આવક મર્યાદા નકકી કરવામાં આવેલ છે. આ યોજનાઓમાં આવક મર્યાદા વધારવા માટેની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે નીચેની યોજનાઓમાં આવક મર્યાદામાં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

(૧) મરણોત્તર ક્રિયા માટે કફન-કાઠી સહાય યોજનામાં હાલમાં વાર્ષિક આવક મર્યાદાનું ધોરણ રૂ.૧૫,૦૦૦/- છે. તેમાં વધારો કરીને ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૨૭,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂ.૩૬,૦૦૦/- નકકી કરવામાં આવે છે.

(૨) કાયદાના સ્નાતાકોને લોન સહાય યોજનામાં હાલમાં વાર્ષિક આવક મર્યાદાનું ધોરણ રૂ.૨૪,૦૦૦/- છે. તેમાં વધારો કરીને ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૨૭,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂ.૩૬,૦૦૦/- નકકી કરવામાં આવે છે.

(૩) ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયોમાં પ્રવેશ યોજનામાં હાલમાં વાર્ષિક આવક મર્યાદાનું ધોરણ રૂ.૧૧,૦૦૦/- છે. તેમાં વધારો કરીને ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૨૭,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂ.૩૬,૦૦૦/- નકકી કરવામાં આવે છે.

તાલીમ સહ ઉત્પાદન કેન્દ્રનો વિકાસ અને નિભાવ (અમલ કુટિર ઉદ્યોગ ખાતા મારફતે) નામાં હાલમાં વાર્ષિક આવક મર્યાદાનું ધોરણ રૂ.૧૧,૦૦૦/- છે. તેમાં વધારો કરીને ગ્રામ્ય વિસ્તાર રૂ.૨૭,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂ.૩૬,૦૦૦/- નકકી કરવામાં આવે છે.

સરસ્વતી સાધના યોજના હેઠળ સાયકલ- યોજનામાં હાલમાં વાર્ષિક આવક મર્યાદાનું ધોરણ ર વિસ્તાર માટે રૂ.૨૦,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂ.૨૫,૦૦૦/- છે. તેમાં વધારો કરીને ર વિસ્તાર માટે રૂ.૨૭,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂ.૩૬,૦૦૦/- નકકી કરવામાં આવે છે.

માનવગરીમા યોજના- યોજનામાં હાલમાં વાર્ષિક આવક મર્યાદાનું ધોરણ ગ્રામ્ય વિસ્તાર માટે ,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂ.૨૫,૦૦૦/- છે. તેમાં વધારો કરીને ગ્રામ્ય વિસ્તાર માટે ,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂ.૩૬,૦૦૦/- નકકી કરવામાં આવે છે.

આ યોજનાઓની અન્ય શરતો યથાવત રહે છે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૩-૪-૨૦૧૨ ની નોંધથી ર સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(શ્રીમતિ એસ.આર.ભુરીયા)
ઉપ સચિવ,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
મકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
મકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
ાંન્ટન્ટ જનરલ અમદાવાદ /રાજકોટ
પ્રી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી, વર્ગ-૧ (નિયામકશ્રી મારફત)
જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ (નિયામકશ્રી મારફત)
જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પંચાયત) જીલ્લા પંચાયત, (નિયામકશ્રી મારફત)
શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
સલાહકારશ્રી(સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર
ગી ફાઇલ.